અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અંતર્ગત શાળાઓ એમ્પેનલ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/ACT/e-file/17/2024/0087/G**

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૧/૧૨/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૧૪/ન.બા-૯૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૨૦૧૪/NB-૧૭૫/૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૭૫૧૦૨(૧૯૯)/ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/ACT/e-file/17/2024/0087/G

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૪/૦૭/૨૦૨૫નો પત્ર ક્રમાંક :અજાક/ગ-૧/૯/૨૦૨૫-૨૬/૩૧૩૨

**પ્રસ્તાવના:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવોથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા અનુક્રમે અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થી દીઠ રૂ.૪૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૩)પરના તા.૩૦/૦૧/૨૦૨૦ના ઠરાવથી સદરહુ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટેની સમિતિની રચના કરવામાં આવેલ છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૪) પરના તા.૨૦/૦૮/૨૦૨૪ના ઠરાવથી સદરહુ યોજના હેઠળ શાળા પસંદગી માટેના મુલ્યાંકન ફોર્મને મંજૂરી આપવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ઉત્તમ કક્ષાની આવાસીય સુવિધાઓ ધરાવતી શાળાઓની પસંદગી કરવા માટે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક અખબારોમાં જાહેરાત આપી અરજીઓ મંગાવેલ હતી. આ જાહેરાત અન્વયે આવેલ શાળાઓની અરજીઓના આધારે શાળા પસંદગી કરવા બાબતે શાળા પસંદગી સમિતિની સમીક્ષા બેઠક તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ હતી, જેમા સમીક્ષાના અંતે ૧૬ શાળાઓ તરફથી મળેલ દરખાસ્તો પૈકી ૦૪ શાળાઓ પસંદ કરવામાં આવેલ હતી. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના તા.૨૪/૦૭/૨૦૨૫ના પત્રથી પસંદ થયેલ ૪ શાળાઓ એમ્પેનલ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, **અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને** ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે **ટેલેન્ટ પુલનું નિર્માણ યોજના અંતર્ગત,** શાળાઓ પાસેથી મળેલ દરખાસ્તો પૈકી નીચે મુજબની **૪(ચાર) શાળાઓને ૩ વર્ષ માટે એટલે કે વર્ષ:૨૦૨૫-૨૬ થી વર્ષ:૨૦૨૭-૨૮ સુધી એમ્પેનલ કરવામાં આવે છે.**

(૧) નીલકંઠ એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલ્ફેર ટ્રસ્ટ, બાયડ, જિ.અરવલ્લી સંચાલિત તક્ષશીલા વિદ્યાલય, તા.બાયડ, જિ.અરવલ્લી.
(૨) ગુજરાત બાળ વિકાસ મંડળ,મોરા, તા.મોરવા(હડફ), જિ.પંચમહાલ દ્વારા સંચાલિત ફ્યુચરલિંક શાળા, મુ.ખરેડી વાવ, તા.જાંબુઘોડા, જિ.પંચમહાલ.
(૩) ગુજરાત બાળ વિકાસ મંડળ,મોરા, તા.મોરવા(હડફ), જિ.પંચમહાલ દ્વારા સંચાલિત જે.આર.દેસાઈ સ્કૂલ.
(૪) સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય, દાનગીવેવ સોસાયટી, પુણાગામ, જિ.સુરત.

**પસંદગી પામેલ ઉક્ત શાળાઓમાં, વર્ષ:૨૦૨૭-૨૮માં ફ્રેશ પ્રવેશ મેળવેલ હોય કે તે પહેલાંના વર્ષના રિન્યુઅલ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી રિન્યુઅલ તરીકે (અર્થાત ધોરણ-૬ ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ સુધી તથા ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સુધી, અભ્યાસક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી) સહાય આપવાની રહેશે.**

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૨૮/૧૧/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫